सत्यमेव जयते

| | |
|---|---|
| કેસ દાખલ કર્યા તા. | ૦૪/૧૦/૨૦૧૯ |
| કેસ રજી.લીધા તા. | ૦૪/૧૦/૨૦૧૯ |
| ઠરાવ જાહેર કર્યા તા. | ૦૬/૦૧/૨૦૨૩ |
| સમયગાળો : | વર્ષ માસ દિવસ |

**પોરબંદરના નામદાર જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ, મુકામ પોરબંદર**

**<u>ફોજદારી કેસ નં.૪૧૩૮/૨૦૧૯</u>**
**<u>આંક– ૨૪</u>**

**શ્રી સ ર કા ર .....ફરીયાદી**

**<u>–: વિરૂધ્ધ :–</u>**

**હમીર હિરાભાઈ સોલંકી ઉ.વ.૬૦**
**રહે. નાથળગામ, ભોલાનાથના મંદિરની બાજુમાં**
**તા. ઉના, જી. ગીર સોમનાથ .....આરોપી**

**ગુનો:– પ્રોહી કલમ ૬૬(૧)બી, ૬૫ ઈ મુજબ**

**શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી. એસ.બી.પરમાર**
**શ્રી આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રી. જી.એમ.શીંગરખીયા**

**<u>–:: ઠ રા વ ::–</u>**

(૧) આ કામનાં આરોપી સામે હાર્બર મરીન પોલીસે પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી ૬૫ઈ મુજબના ગુન્હાનું ચાર્જશીટ આ અદાલતમાં રજુ કરેલ છે.

(૨) **<u>ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત ::–</u>**

આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા. ૧૦/૧૧/૨૦૧૮ ના કલાક ૧૯:૧૫ વાગ્યાના અરસામાં સુભાષનગર એસ.આર. પેટ્રોલ પંપ સામે રોડ ઉપર જાહેરમાંથી ગેર કાયદેસર અને વગર પાસ પરમીટે પોતાના કબજામાં દેશી પીવાનો દારૂ ભરેલ અડધા અડધા લીટરની કોથળીઓ નંગ–૦૪ દારૂ લીટર–૦૨ કિંમત રૂા. ૪૦/– નો રાખી મળી આવી પકડાઈ જઈ ગુનો કરતા, આ કામના ફરિયાદીએ ફરિયાદ કરતા આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવાના આધારે હાલના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ આ કામે આરોપીને હાજર થતા ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ પ્રમાણે ફરિયાદ પક્ષની તમામ પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ. આ કામે આંક–૦૪ થી આરોપી સામે તહોમતનામું ઘડેલ છે તેમજ આંક–૦૫ થી પ્લી લેવામાં આવતાં આરોપીએ તેની સામેનાં ગુન્હાંનો સ્પષ્ટ ઈન્કાર કરતાં આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**– : મૌખીક અને દસ્તાવેજી પુરાવો :–**

| | |
|---|---|
| આંક–૧૫ | પંચસાહેદ ખુશાલભાઈ નારણભાઈ રાઠોડની જુબાની |
| આંક–૧૬ | પંચનામું |
| આંક–૧૯ | ફરીયાદી કૃણાલભાઈ અરજનભાઈ મોઢવાડીયાની જુબાની |
| આંક–૨૦ | ફરીયાદ |
| આંક–૨૧ | તપાસનો હુકમ |
| આંક–૨૨ | રવાનગી નોંધ |
| આંક–૨૩ | પૃથ્થકરણ અહેવાલ |

(૫) આ કામે ફરીયાદી દ્રારા ઉપરોકત પુરાવો રજુ થયા બાદ એ.પી.પી.શ્રી.એ મૌખિક વિનંતી થી પુરાવો પુરો થયાનું જણાવતા સદર કામે આરોપીનું ક્રિ.પ્રો. કોડની કલમ ૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓએ ફરીયાદ પક્ષનો પુરવો ખોટો હોવાનુ અને પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની અને બચાવ પક્ષે તેમનાં વિ.વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) ઉપરોકત હકીકતે તથા પડેલ પુરાવો લક્ષમાં લેતા આ કેસનાં નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| | |
|---|---|
| (૧) | **શું ફરીયાદ પક્ષ નિ:શંક પણે પુરવાર કરે છે કે, આરોપીએ ગઈ તા. ૧૦/૧૧/૨૦૧૮ ના કલાક ૧૯:૧૫ વાગ્યાના અરસામાં સુભાષનગર એસ.આર. પેટ્રોલ પંપ સામે રોડ ઉપર જાહેરમાં થી ગેર કાયદેસર અને વગર પાસ પરમીટે પોતાના કબજામાં દેશી પીવાનો દારૂ ભરેલ અડધા અડધા લીટરની કોથળીઓ નંગ–૦૪ દારૂ લીટર–૦૨ કિંમત રૂા. ૪૦/– નો રાખી મળી આવી પકડાઈ જઈ ગુનો કરતા, આરોપીએ પ્રોહી કલમ–૬૬ (૧)બી, ૬૫ઈ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલો છે. ?** |
| (૨) | **શું હુકમ ?** |

(૭) ઉપરોકત મુદ્દાઓનાં મારા જવાબો નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | **નકારમાં** |
| (૨) | **આખરી હુકમ મુજબ** |

**<u>કારણો અને મુદાની ચર્ચા</u>**

(૮) ફરીયાદ પક્ષે રજુ કરેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા આ કામે આંક –૧૯ થી ફરીયાદી કૃણાલભાઈ અરજનભાઈ મોઢવાડીયાને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર ફરીયાદીએ તેમની જુબાનીમાં ફરીયાદ મુજબની હકીકતને સમર્થન આપવા પ્રયાસ કરેલ છે. જયારે આરોપી તરફેની ઉલટ તપાસમાં એ હકીકત જણાવેલ છે કે, તેઓ જે વાહન લઈને પેટ્રોલીંગમાં નીકળેલા તેના રજી. નંબર ફરીયાદમાં જણાવેલ નથી. તેમની ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એસ્સાર પંપ વાળો રસ્તો જાહેર રોડ છે અને માણસો તથા વાહનની અવર જવર રહે છે. ચાર્જશીટ જોતા પોલીસ સાહેદ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૯) ત્યારબાદ આંક–૧૫ થી પંચસાહેદ ખુશાલભાઈ નારણભાઈ રાઠોડને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. જેઓ આંક–૧૬ થી રજુ થયેલ પંચનામાંના પંચસાહેદ છે. પંચ નામામાં ફકત તેઓની સહી હોવાનું જણાવેલ છે. બનાવની તેમને કોઈ જાત માહીતી નથી. આ પંચસાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોય, તેઓને ફરી ગયેલા જાહેર કરી એ.પી.પી.શ્રી. ને ઉલટ તપાસ કરવાની પરવાનગી આપવામાં આવેલી પરંતુ સદર પં ચસાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરેલ નથી.

(૧૦) આમ, આ કામે રજુ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરતાં, ફરીયાદ પક્ષે આ કામે તપાસવામાં આવેલ સાહેદો પૈકી માત્ર પંચ સાહેદો સ્વતંત્ર સાહેદ છે. આ કામે તપાસવામાં આવેલા પંચ સાહેદો પોતાની સોગંદ પરની જુબાની દ્વારા તેઓની હાજરીમાં કોઈપણ પંચનામુ કરવામાં આવેલ હોવાનો ઈન્કાર કરેલ છે. તેની સામે કોઈ આરોપીને અટક કરેલ નથી કે, મુદામાલ કબજે કરેલ નથી. જેથી આ જુબાનીના આધારે આરોપીના પ્રત્યક્ષ કબજામાંથી કહેવાતો મુદ્દામાલ મળી આવેલ હોવા બાબતે કોઈ પુરાવો પ્રાપ્ત થતો નથી.

(૧૧) આ કામે ફરીયાદ પક્ષે રજુ કરેલા પુરાવાનું મૂલ્યાંકન કરતાં ફરીયાદ પક્ષે પોલીસ સાહેદ અને પંચસાહેદોનો પુરાવો નોંધાવેલ છે. આ કામે પોલીસે કોઈ સ્વતંત્ર સાહેદોના

નિવેદનો લીધેલ નથી. આ કામે ફરીયાદ પક્ષે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસેલા નથી.

(૧૨) આ કામે તપાસેલ સાહેદો કે જેઓ પોલીસ સાહેદ છે તેઓની સાહેદીથી આ કામના આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ પણ પ્રકાર નો સ્પષ્ટ, સચોટ અને નિ:શંક પુરાવો રેકર્ડ પર આવતો નથી. જેથી આ કામે રજુ ફરીયાદ કે પંચનામાની કોઈપણ હકીકતો રેકર્ડ પર પુરવાર થઈ શકેલ નથી.

(૧૩) ફરીયાદ પક્ષે કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો રજુ કરેલ નથી. આમ, કહેવાતો મુદામાલ આરોપીના પ્રત્યક્ષ અને સભાન કબજામાંથી મળી આવેલ હોય તેવો નિ:શંક પુરાવો ફરીયાદ પક્ષે રજુ કરેલ નથી. તેમજ આરોપીએ સદર ગુનો કરેલ હોય તેવુ ફરીયાદ પક્ષે પડેલ પુરાવો જોતા પુરવાર થતુ નથી. ફરીયાદ પક્ષે પોતાનો કેસ નિ:શંક પણે પુરવાર કરવો જોઈએ જે આ કામે પુરવાર થયેલ નથી. જેથી મુદા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદા નં. ૨ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : આ ખ રી હુ ક મ : –**

(૧) સદર કામે આરોપી હમીર હિરાભાઈ સોલંકીને તેમની સામેના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી,૬૫ઈ મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબના અપીલ સમય સુધીના રૂપિયા ૫૦૦૦/– ના જામીન રજુ રાખવાનો હુકમ કરવામા આવે છે.

(૩) આ કામે મુદ્દામાલ પાવતીની વિગતનો મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નિયમોનુસાર નાશ કરવો.

**હુકમ આજ રોજ તારીખ ૦૬, માહે–જાન્યુઆરી સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**Date** :૦૬–૦૧–૨૦૨૩
**Place** : પોરબંદર

(સંગ્રામ ઉદયસિંહ બાબર)
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
પોરબંદર.
GJ-01178

પી.એમ.નાણાવટી
ગુજરાતી સ્ટેનોગ્રાફર
ગ્રેડ–II, પોરબંદર